GSTIN: 24AAALM0547L1DB
કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- info@msbsurat.in
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

કાંસકી વાડ, જુના બસ સ્ટેન્ડ પાસે, ભાગળ,સુરત-૩૯૫૦૦૩

જા.નં.- ૧૦૭૮૭ તા.- ૧૫/૧૨/૨૦૨૩

પ્રતિ,
તમામ મુખ્યશિક્ષકશ્રી/ આચાર્યશ્રી,
ન.પ્રા.શિ.સમિતિની તથા ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ અને ખાનગી શાળા તમામ.
સુરત.

<u>વિષય</u> :- કોમન પ્રવેશ પરીક્ષા (CET) અને જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા- ૨૦૨૪ના માર્ગદર્શન માટે બાયસેગ મારફત પ્રસારણનું ટાઇમ ટેબલ જાહેર કરવા બાબત.

<u>સંદર્ભ</u> :- મે.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ,ગાંધીનગરના પત્ર ક્રમાંક: રાપબો/CET/૨૦૨૩/૧૮૫૦૨-૧૮૬૦૪,, તા.૧૨/૧૨/૨૦૨૩.

જત ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજય સરકાર દ્વારા આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે જ્ઞાનશક્તિ રેસીડેન્સિયલ સ્કુલ્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્સિયલ સ્કુલ્સ,રક્ષાશક્તિ સ્કુલ્સ અને મોડેલ સ્કુલ્સમાં ધોરણ -૬માં પ્રવેશ માટે તેમજ મુખ્ય મંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના માટેની કોમન પ્રવેશ પરીક્ષા (CET) તથા ગુજરાત રાજયના ૨૫૦૦૦ તેજસ્વી વિદ્યાર્થીઓ માટે મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના ( ધોરણ-૯ થી ૧૨) માટેની પરીક્ષા રાજય પરીક્ષા બોર્ડ દ્વારા <u>તા.૩૧/03/૨૦૨૪ના</u> રોજ યોજાનાર છે.

ઉક્ત બંને પરીક્ષાના માર્ગદર્શન માટે તજજ્ઞો દ્વારા આ સાથેના સમય પત્રક મુજબ <u>ધોરણ-૮ના વિદ્યાર્થી માટે જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજના માટે દર શુક્રવાર ૪:00 થી ૫:00 કલાક</u> તથા <u>ધોરણ-૫ના વિદ્યાર્થીઓ માટે કોમન પ્રવેશ પરીક્ષાના માર્ગદર્શન માટે દર શનિવાર ૯:00 થી ૧૦:00 કલાકે</u> પ્રસારણ કરવામાં આવશે સંબધિત ધોરણના વિદ્યાર્થીઓ તેમજ વર્ગના શિક્ષકશ્રી આ કાર્યક્રમ નિહાળે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા ન.પ્રા.શિ.સ,સુરતના તથા ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ અને ખાનગી શાળાના તમામ આચાર્યશ્રી/ મુખ્યશિક્ષકશ્રીઓને જાણ કરવામાં આવે છે.

<u>નોંધ</u>:- વધુ અભ્યાસ માટે સંદર્ભપત્રનો ઉપયોગ કરવાનો રહેશે.

બીડાણ :- સંદર્ભપત્ર અને ટાઇમ ટેબલ

ઇ.ચા.શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત

<u>નકલ રવાના</u> :-(1) ઇ.ચા.ઉપશાસનાધિકારીશ્રી, ન.પ્રા.શિ.સ,સુરત જાણ તથા અમલ સારું
(2) તમામ નિરીક્ષકશ્રી તથા તમામ યુ.આર.સી. અને સી.આર.સી, ન.પ્રા.શિ.સ,સુરત જાણ તથા અમલ સારું

ક્રમાંક:રાપબો/CET/૨૦૨૩/૧૮૫૦૧ - ૧૮૬૦૪

રાજય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર-૨૧, ગાંધીનગર
તા: ૧૧/૧૨/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

વિષય:કોમન પ્રવેશ પરીક્ષા (CET) અને જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા-૨૦૨૪ના માર્ગદર્શન માટે તા.૧૪/૧૨/૨૦૨૩ના રોજ યોજાનાર ટેલિકોન્ફરન્સ નિહાળવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજય સરકાર દ્વારા આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે જ્ઞાનશક્તિ રેસીડેન્સિયલ સ્કુલ્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્સિયલ સ્કુલ્સ, રક્ષાશક્તિ સ્કુલ્સ અને મોડેલ સ્કુલ્સમાં ધોરણ-૬માં પ્રવેશ માટે તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજનાની કોમન પ્રવેશ પરીક્ષા (CET) તથા ગુજરાત રાજયના 25000 તેજસ્વી વિદ્યાર્થીઓ માટે મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના (ધોરણ-૯ થી ૧૨) માટેની પરીક્ષા તા.૩૧/03/૨૦૨૪ના રોજ યોજનાર છે. જેનાથી આપ સુવિદિત હશો.

કોમન પ્રવેશ પરીક્ષા (CET) તથા જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત લેવાનાર પરીક્ષા પદ્ધતિથી તથા આનુષાંગિક બાબતોથી માહિતીગાર કરવા માટે તા.૧૪/૧૨/૨૦૨૩, ગુરૂવારના ૧૧.00 થી ૧૨.00 કલાકે સુધી વિદ્યા સમીક્ષા કેન્દ્ર, (VSK) ના સ્ટુડિયો દ્વારા બાયસેગ નેટેવર્કના માધ્યમથી એક ટેલિકોન્ફરન્સ કરવાનું આયોજન કરેલ છે. આ ટેલિકોન્ફરન્સમાં માન.સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) દ્વારા માર્ગદર્શન આપવામાં આવનાર છે.

આથી ઉકત ટેલિકોન્ફરન્સમાં આપની તાબા હેઠળની તમામ શાળાના આચાર્યશ્રી, (ધોરણ ૫-૮ વર્ગ શિક્ષકશ્રી) ટી.પી.ઇ.ઓ., બી.આર.સી., યુ.આર.સી. તેમજ સી.આર.સી.કો.ઓ. આ ટેલિકોન્ફરન્સ નિહાળે તેવી સુચના આપની કક્ષાએથી કરવા વિનંતી છે. આ પ્રસારણ નીચેના માધ્યમોથી નિહાળી શકાશે.

1. વંદે ગુજરાત ચેનલ નંબર-૫ (બાયસેગ ડીશ અથવા JIO TV)
2. યુ ટયુબ ચેનલ (લાઇવ) GujaratEclass

આ ઉપરાંત બંને પરીક્ષાના માર્ગર્શન માટે તજજ્ઞો દ્વારા આ સાથેના સમયપત્રક મુજબ ધોરણ-૮ના વિદ્યાર્થી માટે જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજના માટે દર શુક્રવાર ૪.00 થી ૫.00 કલાક તથા ધોરણ-૫ના વિદ્યાર્થીઓ માટે કોમન પ્રવેશ પરીક્ષાના માર્ગદર્શન માટે દર શનિવાર ૯.00 થી ૧૦.00 કલાકે પ્રસારણ કરવામાં આવશે. સંબંધિત ધોરણના વિદ્યાર્થી તેમજ સંબંધિત વર્ગના શિક્ષકશ્રી આ કાર્યક્રમ નિહાળે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા વિનંતી છે.

કન્વીનર (VSK)
અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ

નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:-

- માન.સચિવશ્રી (પ્રા.અનેમા.શિક્ષણ) શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
- માન.સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર
- માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર.

કોમન પ્રવેશ પરીક્ષા તથા જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા માટે VSK સ્ટુડિયો દ્વારા બાયસેગ મારફત પ્રસારણનું ટાઇમ ટેબલ

| તારીખ/વાર | સમય | વિગત/યોજનાનું નામ |
|---|---|---|
| ૧૪/૧૨/૨૦૨૩, ગુરૂવાર | ૧૧.૦૦ થી ૧૨.૦૦ | યોજના અને પરીક્ષા પદ્ધતિ |
| ૧૫/૧૨/૨૦૨૩, શુક્રવાર | ૪.૦૦ થી ૫.૦૦ | જ્ઞાન સાધના |
| ૧૬/૧૨/૨૦૨૩, શનિવાર | ૯.૦૦ થી ૧૦.૦૦ | CET |
| ૨૨/૧૨/૨૦૨૩, શુક્રવાર | ૪.૦૦ થી ૫.૦૦ | જ્ઞાન સાધના |
| ૨૩/૧૨/૨૦૨૩, શનિવાર | ૯.૦૦ થી ૧૦.૦૦ | CET |
| ૨૯/૧૨/૨૦૨૩, શુક્રવાર | ૪.૦૦ થી ૫.૦૦ | જ્ઞાન સાધના |
| ૩૦/૧૨/૨૦૨૩, શનિવાર | ૯.૦૦ થી ૧૦.૦૦ | CET |
| ૦૫/૦૧/૨૦૨૪, શુક્રવાર | ૪.૦૦ થી ૫.૦૦ | જ્ઞાન સાધના |
| ૦૬/૦૧/ ૨૦૨૪, શનિવાર | ૯.૦૦ થી ૧૦.૦૦ | CET |
| ૧૨/૦૧/ ૨૦૨૪, શુક્રવાર | ૪.૦૦ થી ૫.૦૦ | જ્ઞાન સાધના |
| ૧૩/૦૧/ ૨૦૨૪, શનિવાર | ૯.૦૦ થી ૧૦.૦૦ | CET |
| ૧૯/૦૧/ ૨૦૨૪, શુક્રવાર | ૪.૦૦ થી ૫.૦૦ | જ્ઞાન સાધના |
| ૨૦/૦૧/ ૨૦૨૪, શનિવાર | ૯.૦૦ થી ૧૦.૦૦ | CET |
| ૦૨/૦૨/ ૨૦૨૪, શુક્રવાર | ૪.૦૦ થી ૫.૦૦ | જ્ઞાન સાધના |
| ૦૩/૦૨/ ૨૦૨૪, શનિવાર | ૯.૦૦ થી ૧૦.૦૦ | CET |
| ૦૯/૦૨/ ૨૦૨૪, શુક્રવાર | ૪.૦૦ થી ૫.૦૦ | જ્ઞાન સાધના |
| ૧૦/૦૨/૨૦૨૪, શનિવાર | ૯.૦૦ થી ૧૦.૦૦ | CET |
| ૧૬/૦૨/૨૦૨૪, શુક્રવાર | ૪.૦૦ થી ૫.૦૦ | જ્ઞાન સાધના |
| ૧૭/૦૨/૨૦૨૪, શનિવાર | ૯.૦૦ થી ૧૦.૦૦ | CET |
| ૨૩/૦૨/૨૦૨૪, શુક્રવાર | ૪.૦૦ થી ૫.૦૦ | જ્ઞાન સાધના |
| ૨૪/૦૨/૨૦૨૪, શનિવાર | ૯.૦૦ થી ૧૦.૦૦ | CET |
| ૦૧/૦૩/૨૦૨૪, શુક્રવાર | ૪.૦૦ થી ૫.૦૦ | જ્ઞાન સાધના |
| ૦૨/૦૩/૨૦૨૪, શનિવાર | ૯.૦૦ થી ૧૦.૦૦ | CET |
| ૦૧/૦૩/૨૦૨૪, શુક્રવાર | ૪.૦૦ થી ૫.૦૦ | જ્ઞાન સાધના |
| ૦૨/૦૩/૨૦૨૪, શનિવાર | ૯.૦૦ થી ૧૦.૦૦ | CET |
| ૦૮/૦૩/૨૦૨૪, શુક્રવાર | ૪.૦૦ થી ૫.૦૦ | જ્ઞાન સાધના |
| ૦૯/૦૩/૨૦૨૪, શનિવાર | ૯.૦૦ થી ૧૦.૦૦ | CET |
| ૧૫/૦૩/૨૦૨૪, શુક્રવાર | ૪.૦૦ થી ૫.૦૦ | જ્ઞાન સાધના |
| ૧૬/૦૩/૨૦૨૪, શનિવાર | ૯.૦૦ થી ૧૦.૦૦ | CET |
| ૨૨/૦૩/૨૦૨૪, શુક્રવાર | ૪.૦૦ થી ૫.૦૦ | જ્ઞાન સાધના |
| ૨૩/૦૩/૨૦૨૩, શનિવાર | ૯.૦૦ થી ૧૦.૦૦ | CET |